For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# 17.5 લાખ ITR ફાઈલ થયા

# સુરતમાં 5,000 કરોડપતિ!

**રિટર્ન** ફાઈલિંગ દરમિયાન 1,050 કરોડનું કલેક્શન, ટાર્ગેટ હજુ દૂર

**ડાયમંડ**-ટેક્સટાઈલમાં મંદી છતાં રિયલ એસ્ટેટ અને શેરબજારથી કલેક્શન વધ્યું

સુરતઃ સુરતની આર્થિક તાકાતનો અંદાજો ફરી એકવાર ઈન્કમટેક્સના આંકડાઓ પરથી લાગી રહ્યો છે. સુરત-વડોદરા સર્કલમાં આ વર્ષે અત્યાર સુધીમાં કુલ 17.5 લાખ જેટલા ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ થયા છે, જેમાંથી 10,500 રિટર્ન એકલા કંપનીઓ દ્વારા ભરવામાં આવ્યા છે. જેમાં વાપીથી વડોદરા સુધીની કંપનીઓનો સમાવેશ થઈ જાય છે. વડોદરા ઝોન સર્કલમાં મોટી કોર્પોરેટ કંપનીઓનો સમાવેશ થતો હોવાથી ટેક્સ કલેક્શનમાં જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. જોકે, સુરત શહેર પણ પાછળ નથી. સુરત શહેરમાં વ્યક્તિગત કરોડપતિ કરદાતાઓની સંખ્યામાં વધારો થયો છે.

સૌથી મહત્વની બાબત એ છે કે સુરતમાં હાલ 5,000થી વધુ એવા વ્યક્તિગત કરદાતાઓ છે જેમની વાર્ષિક આવક એક કરોડ રૂપિયાથી વધુ દર્શાવવામાં આવી છે. આ 5,000 કરોડપતિ કરદાતાઓમાંથી મોટાભાગના હીરા, ટેક્સટાઈલ, રિયલ એસ્ટેટ, ટ્રાન્સપોર્ટ અને

...અનુસંધાન પાના ૯ પર

### સુરત, વલસાડ ઝોનમાં 3,200 કરોડનું કલેક્શન થયું, 6,200 કરોડનો છે ટાર્ગેટ

સુરત શહેરમાંથી અત્યાર સુધીમાં 1,050 કરોડ રૂપિયાનું ડાયરેક્ટ ટેક્સ કલેક્શન થયું છે.

સુરત, વલસાડ અને વડોદરા એમ ત્રણ ઝોનને ભેગા ગણીએ તો કુલ કલેક્શન 3,200 કરોડ રૂપિયા પર પહોંચ્યું છે.

વિભાગે આ નાણાકીય વર્ષ માટે 6,200 કરોડ રૂપિયાનો ટાર્ગેટ રાખ્યો છે, એટલે હજુ પણ 3,000 કરોડ રૂપિયાનું કલેક્શન બાકી છે.

### એડ્વાન્સ ટેક્સના ત્રીજા હપ્તા પર નજર

હવે ડિસેમ્બરમાં એડવાન્સ ટેક્સનો ત્રીજો હપ્તો, TDS કલેક્શન અને સ્ક્રૂટિની કેસોમાંથી નીકળનારી ડિમાન્ડ બાદ ટાર્ગેટ પૂરો થવાની આશા છે. વિભાગ દ્વારા જે લોકોએ હજુ રિટર્ન નથી ભર્યું કે જેમની આવક વધુ હોવા છતાં ઓછું રિટર્ન ભર્યું છે, તેમને નોટિસ આપવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે.

### રિટર્ન ફાઈલિંગમાં 15 ટકાનો સરેરાશ વધારો

અધિકારીઓનું કહેવું છે કે ડાયમંડ અને ટેક્સટાઈલ સેક્ટરમાં છેલ્લા બે વર્ષથી મંદીનો માહોલ હોવા છતાં રિટર્નની સંખ્યા અને કલેક્શનમાં વધારો થયો છે. તેનું મુખ્ય કારણ રિયલ

...અનુસંધાન પાના ૯ પર



# સાંસદ ગોવિંદ ધોળકીયાની પેઢી સાથે સ્ટેમ્પ વેન્ડર મેવાવાળા દ્વારા 76 લાખની ઠગાઈ

**સાંસદ** ગોવિંદ ધોળકીયાની હીરા પેઢી ‘એસઆરકે’ સાથે દસ્તાવેજ માટે સ્ટેમ્પ આપવા માટે મેવાવાળા દંપતીએ રૂ.76.44 લાખ લીધા હતા

**ઉઘરાણી** થતાં દંપતીએ બાંયધરી લખીને ચેક આપ્યો હતો પરંતુ તે રિટર્ન થયો હતો, પોલીસે રામકૃષ્ણ, પત્ની સલોની મેવાવાળાની ધરપકડ કરી

સુરતઃ સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને રાજ્યસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાના પરિવાર તથા તેમની પ્રતિષ્ઠિત હીરા પેઢી ‘એસ.આર.કે.’ સાથે કરોડોની જમીન ખરીદીના ઈ-સ્ટેમ્પ પેપર મેળવવાના બહાને રૂ. ૭૬,૪૪,૯૦૦ ની માતબર રકમની છેતરપિંડી આચરનાર લાયસન્સધારક સ્ટેમ્પ વેન્ડર દંપતીને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે.

કતારગામ સ્થિત આંબાતલાવડી ખાતે રહેતા અને એસ.આર.કે. કંપનીમાં છેલ્લા ૩૬ વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવતા કનુભાઈ બાલાભાઇ માલવીયા (ઉ.વ. ૫૮) કંપનીના વહીવટી અને જમીન ખરીદ-વેચાણના કામકાજ સંભાળે છે. કંપનીના ડિરેક્ટર શ્રેયાંશ ગોવિંદભાઈ ધોળકિયાએ પલસાણા ખાતે આવેલી જમીનના વેચાણ દસ્તાવેજ અર્થે ઈ-સ્ટેમ્પ ખરીદવા માટે અગાઉથી પરિચિત એવા સરકારી જનરલ સ્ટેમ્પ વેન્ડર રામકૃષ્ણ કીરીટકુમાર મેવાવાલા અને તેમની પત્ની સલોની રામકૃષ્ણ મેવાવાલા (ઓફિસઃ જુની સુડા ભવન પાસે, નાનપુરા) નો સંપર્ક કર્યો હતો. દંપતીના કહેવાથી તા. ૨૪/૧૨/૨૦૨૫ ના રોજ બેંક એકાઉન્ટમાંથી રૂ. ૭૬,૪૪,૯૦૦/- આરટીજીએસ મારફતે તેમના ખાતામાં જમા કરાવવામાં આવ્યા

...અનુસંધાન પાના ૯ પર

# ભાડે આપવાનો વિવાદ ઉકેલવા હવે રેન્ટ ઓથોરિટી-કોર્ટ-ટ્રિબ્યુનલની વ્યવસ્થા

**વિધાનસભામાં** નવું રેન્ટ બિલ પાસ કરાયું, મકાન માલિક અને ભાડુઆત વચ્ચે લેખિત કરાર ફરજિયાત કરાયો

**ત્રણ** મહિનાથી વધુ ડિપોઝિટ નહીં, ઘર ખાલી કર્યાના એક મહિનામાં ડિપોઝિટ પરત કરવી પડશે

ગાંધીનગરઃ ગુજરાતમાં ભાડે મકાન લેતા લોકો પાસેથી મનફાવે તેટલું ડિપોઝિટ વસૂલવું, લેખિત

...અનુસંધાન પાના ૯ પર

### નવા કાયદામાં શું બદલાશે?

» લેખિત કરાર ફરજિયાતઃ રહેણાંક હોય કે વાણિજ્યિક મિલકત, હવે લિખિત ભાડા કરાર વિના મિલકત ભાડે આપી શકાશે નહીં. કરારની વિગતો રેન્ટ ઓથોરિટીને આપવાની રહેશે.

» ડિપોઝિટ પર મર્યાદાઃ ભાડૂઆત પાસેથી વધુમાં વધુ ત્રણ મહિનાના ભાડા જેટલું જ સિક્યોરિટી ડિપોઝિટ લઈ શકાશે. મિલકત ખાલી કરતી વખતે હિસાબ પૂર્ણ કરી એક મહિનામાં ડિપોઝિટ પરત કરવું પડશે.

» ડિજિટલ કરાર અને યુનિક આઈડીઃ ત્રણ મહિનામાં ગુજરાતી ભાષામાં ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરાશે. દરેક ભાડા કરારને યુનિક ઓળખ નંબર અપાશે અને તેની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

» વીજળી-પાણી-ગેસ બંધ નહીં કરી શકાયઃ મકાનમાલિક ભાડૂઆતની જીવનજરૂરી સેવાઓ મનસ્વી રીતે બંધ કરી શકશે નહીં. આવું થાય તો રેન્ટ ઓથોરિટી સેવા પુનઃ શરૂ કરવાનો આદેશ આપી શકશે.

» ભાડૂઆતને ક્યારે ઘર ખાલી કરવું પડશે?: સતત ભાડું ન ચૂકવવું, મિલકતને નુકસાન પહોંચાડવું અથવા માલિકની મંજૂરી વિના પેટા-ભાડે આપવું જેવા કિસ્સામાં માલિક રેન્ટ કોર્ટ મારફતે મિલકત ખાલી કરાવી શકશે.

...અનુસંધાન પાના ૯ પર

**કડોદરા રોડ પરની શ્યામસંગીની માર્કેટમાં આગ લાગી નહોતી પરંતુ યુવાન દ્વારા લગાડવામાં આવી હતી**

# ચાર મિનિટમાં આગ લગાડી 24 કરોડનું નુકસાન કર્યું



**સીસીટીવી** ફૂટેજમાં 36 વર્ષિય જાણભેદુ યુવાન બેગમાંથી બોટલ જેવી વસ્તુ કાઢી પાર્સલો પર પ્રવાહી છાંટ્યા બાદ આગ લગાવતો દેખાયો

**પોલીસે** જાતે ફરિયાદી બનીને ગુનો નોંધ્યો, મોડી સાંજે યુવાનની ઓળખ થઈ ગયાનો અને ધરપકડ હાથવેંતમાં હોવાનો પોલીસનો દાવો

સુરતઃ કડોદરા રોડ ઉપર કુંભારીયા ત્રણ રસ્તા પાસે આવેલી શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં મોડી રાત્રે લાગેલી ભીષણ આગના બનાવમાં આગ અકસ્માત નહીં પરંતુ ઈરાદાપૂર્વક લગાવવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. માર્કેટના CCTV ફૂટેજમાં એક અજાણ્યો શખ્સ બેગમાંથી બોટલ જેવી વસ્તુ કાઢી તેમાં રહેલું પ્રવાહી કે અન્ય જ્વલનશીલ પદાર્થ છઠ્ઠા માળના પેસેજમાં પડેલા પાર્સલો ઉપર છાંટ્યા બાદ આગ લગાવી ત્રણ મિનિટમાં ભાગતો કેદ થયો છે. આગના કારણે છઠ્ઠા માળની અનેક દુકાનો, ટેક્સટાઈલના માલસામાન તેમજ માર્કેટના બિલ્ડિંગ સ્ટ્રક્ચરને મોટાપાયે નુકસાન થયું છે.

...અનુસંધાન પાના ૯ પર

### દુકાન નં.601થી 617 સુધી આગની ઝપેટમાં

આગના કારણે માર્કેટના છઠ્ઠા માળે આવેલી દુકાન નં.601થી 609 તેમજ 610થી 617 સુધીની દુકાનોમાં નુકસાન થયું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આગ અને ધુમાડાના કારણે માર્કેટની અંદર પ્રવેશ કરવો મુશ્કેલ બન્યો હતો. જેથી તમામ દુકાનોમાં થયેલા નુકસાનનું સંપૂર્ણ મૂલ્યાંકન તપાસ દરમિયાન કરવામાં આવનાર છે. આગને કારણે માર્કેટનું


...અનુસંધાન પાના ૯ પર

### ત્રણ ટીમો બનાવી આગ લગાડનારની શોધખોળ શરૂ

હાલ અજાણ્યા શખ્સની ઓળખ થઈ નથી. પોલીસે CCTV ફૂટેજ, ઘટનાસ્થળની પરિસ્થિતિ અને અન્ય પુરાવાના આધારે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આગ લગાવવાનું ચોક્કસ કારણ, આરોપીની ઓળખ, વપરાયેલ પ્રવાહી તથા બનાવ પાછળ અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહીં તે સહિતના મુદ્દે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આરોપીની શોધખોળ માટે ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસની ત્રણ ટીમો આરોપીની શોધખોળ આદરી છે.







**શ્રદ્ધાંજલિ**

જીવન એવું જીવી ગયાં કે જોનારાં જોયા કરે, કર્મ સદા એવાં કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે. ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નથી, સુખ દુ:ખમાં સદા હસતાં રહ્યા અને સૌના દિલમાં વસી ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના...

સ્વ. ધીરજલાલ હીરાલાલ તમાકુવાલા
સ્વ. તા. ૧૧-૦૯-૨૦૨૬

શ્રી જલારામ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ
શ્રી જલારામ ઈન્ટરનેશનલ સ્કુલ
શ્રી જલારામ મંદિર, મીનીવીરપુર ધામ, સુરત

**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**



સ્વ. ધીરજલાલ હીરાલાલ તમાકુવાલા
સ્વ.તા. ૧૧-૦૯-૨૦૨૬, શુક્રવાર

શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત મંચના ભૂતપૂર્વ ખજાનચી
સ્વ. શ્રી ધીરજલાલ હીરાલાલ તમાકુવાલા
ના દેહાવસાન સમાચાર જાણી અત્યંત દુ:ખ થયુ. સમાજ પ્રત્યેની તેમની નિ:સ્વાર્થ સેવા, પ્રમાણિકતા અને સમર્પણ ભાવના સદાય યાદ રહેશે.
પંચના ખજાનચી તરીકે તેમણે વર્ષો સુધી અત્યંત નિષ્ઠા, પારદર્શિતા અને ચોકસાઈપૂર્વક સેવાઓ આપીને સમાજના ઉત્થાનમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું તેમનો સરળ સ્વભાવ સમગ્ર મોઢ વણિક જ્ઞાતિ માટે પ્રેરણારૂપ રહયા છે.
પરમકૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેમજ શોકગ્રસ્ત પરિવારજનોને આ અસહય આઘાત સહન કરવાની શકિત તથા ધૈર્ય પદાન કરે એક હદયપૂર્વકની પ્રાર્થના.
અશ્રુભીન શ્રદ્ધાંજલિ સહ.

લિ.
ધર્મેશભાઈ તમાકુવાલા | અનિલભાઈ દલાલ
શ્રીવાસભાઈ ઘીવાલા | મુકેશભાઈ વરિયાવા
સંજયભાઈ ગાંધી | અજયભાઈ મોદી
જયંતિભાઈ લાપસીવાલા | દીપકભાઈ અનાજવાળા
શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચ પરિવાર

**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**



સ્વ. ધીરજલાલ હીરાલાલ તમાકુવાલા
સ્વ.તા. ૧૧-૦૯-૨૦૨૬, શુક્રવાર

શ્રી સુરતી મોઢ વણિક સાર્વજનિક ટ્રસ્ટના ભૂતપૂર્વ ખજાનચી અને સેવાભાવી અગ્રણી
સ્વ. શ્રી ધીરજલાલ હીરાલાલ તમાકુવાલા
તા. ૧૧-૦૯-૨૦૨૬ ના રોજ દિવ્યલોક પામ્યા છે, જે ટ્રસ્ટ પરિવાર માટે અપાર દુ:ખ અને અસહય ખોટ છે.
પરમકૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને પોતાના શ્રીચરણોમાં નિવાસ આપે અને શોકાતુર પરિવારજનોને આ વજ્રઘાત સહન કરવાની શકિત બક્ષે એવી પ્રાર્થના...

લિ.
મનહરભાઈ લાપસીવાલા | મુકેશભાઈ વરિયાવા
અરવિંદભાઈ મહેતા | ધર્મેશભાઈ તમાકુવાલા
શ્રીવાસભાઈ ઘીવાલા | ભુપેન્દ્રભાઈ હલવાવાલા
શ્રી સુરતી મોઢ વણિક સાર્વજનિક ટ્રસ્ટ પરિવાર

**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. ભગવતીબેન નવનીતલાલ ચોકસી
સ્વ.તા. ૧૨/૦૯/૨૦૨૫

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावक : ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुत : ॥
આત્મા અવિચલ અને શાશ્વત છે, ના એને શસ્ત્ર ના જળ ભીંજવી શકે છે કેના પવન સૂકવી શકે છે. આત્મા અમર છે

સ્વ. નવનીતલાલ આત્મારામ ચોકસી | અરવિંદલાલ આત્મારામ ચોકસી
ધર્મેન્દ્રભાઈ નવનીતલાલ ચોકસી | સ્વ. કેતનભાઈ અરવિંદલાલ ચોકસી
માધવ ધર્મેન્દ્રભાઈ ચોકસી | દિવ્યેશભાઈ અરવિંદલાલ ચોકસી
પરિક્ષીત કેતનભાઈ ચોકસી | ઉત્સવ દિવ્યેશભાઈ ચોકસી
METALFAB POLYCOATS

**અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો**
M.81539 99901
ગુજરાતમિત્ર

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**દુ:ખદ અવસાન – બેસણું**



સ્વ. સુવર્ણાબેન રમેશભાઈ પાઠક
સ્વ. તા.૦૯/૦૯/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી
સુવર્ણાબેન રમેશભાઈ પાઠક
તા.૦૯-૦૯-૨૦૨૬ના રોજ દેવલોક પામ્યા છે.
પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...
સદ્ગતનું બેસણું: તા. ૧૩-૦૯-૨૦૨૬ ને રવિવારના રોજ બપોરે ૪ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન બેન્કવેટ હોલ સંગીની સ્કાયટેરીયા એપાર્ટમેન્ટ, રાજદીપ એપાર્ટમેન્ટની સામે, મની આરકેડની ગલીમાં, વેસુ કેનાલ રોડ, સુરત.
શોકાતુર
ધનંજય - પ્રાચી પાઠક (પુત્ર-પુત્રવધુ)
અનુપમા - હિમાંશુ દેસાઈ (પુત્રી-જમાઈ)
જ્યુથિકા - હિતેશ કોયા (પુત્રી-જમાઈ)
કિંજલ - જુહી (પૌત્રી)

**ॐ શાંતિ ॥ બેસણું**



સ્વ. વાસંતીબેન જયંતિભાઈ પટેલ
સ્વ. તા. ૧૧/૦૯/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પ્રિય માતૃશ્રી
વાસંતીબેન જયંતિભાઈ પટેલનું
તા. ૧૧/૦૯/૨૦૨૬ના રોજ અવસાન થયું છે.
: સદ્ગતનું બેસણું :
તા. ૧૩-૦૯-૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી આર-૨૦૨, રાજહંસ રેસીડેન્સી, ડોક્ટર પાર્ક રોડ, જહાંગીરપુરા, સુરત ખાતે રાખેલ છે.
: શોકાતુર :
ઠાકોરભાઈ ઈચ્છુભાઈ પટેલ
રશ્મિકાંત મોહનભાઈ પટેલ
ચંદ્રકાંત જયંતિભાઈ પટેલ
દત્તાત્રેય જયંતિભાઈ પટેલ
ચેતન ઠાકોરભાઈ પટેલ - અને સમગ્ર પરિવાર

**કોળી પટેલ અવસાન/પ્રાર્થનાસભા**



સ્વ.મણીભાઈ લલ્લુભાઈ પટેલ
સ્વ.તા.૧૦-૦૯-૨૦૨૬
(શ્રી બારડોલી નગર કોળી સમાજ મંડળ, ટ્રસ્ટી)

દિલગીરી સહ જણાવવાનું કે શ્રી મણીભાઈ લલ્લુભાઈ પટેલ (શ્રી બારડોલી નગર કોળી સમાજ મંડળ, ટ્રસ્ટી)નું તા.૧૦-૦૯-૨૦૨૬ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્ગતની પ્રાર્થનાસભા તા.૧૩-૦૯-૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૩ કલાકે અમારા નિવાસ સ્થાન બારડોલી મુકામે રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)
લિ.
ગં.સ્વ.શાંતાબેન મણીભાઈ પટેલ (પત્ની)
હિરેન મણીભાઈ પટેલ (પુત્ર)
બિનલ હિરેન પટેલ (પુત્રવધુ)
નિધિ પરિમલભાઈ પટેલ (પૌત્રી)
ઇતિ હિરેન પટેલ (પૌત્રી)
નિવાસ સ્થાન : ૨-બી, દીપ નગર, બારડોલી.મો.૯૯૧૩૪ ૩૩૩૯૬